# સિંગ તેલના ભાવ આસમાને પહોંચતાં લોકોમાં રોષ

ઊંઝા, તા. ૨૭

આમ જનતાને રોજિંદી જરૂરી એવા ખાદ્ય તેલો પૈકી સિંગતેલના ભાવ આસમાને પહોંચી જતાં લોકોને જીવન જીવવું અતિ કઠિન થઈ પડ્યું છે. રાજ્ય સરકાર દ્વારા સિંગતેલના વધતા જતા ભાવને કાબૂમાં રાખવા માટે કોઈ અસરકારક પગલાં ન ભરાતાં લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે.

ગત દિવાળીના સમયે સિંગ તેલના ભાવ એકંદરે ઊંચા હતા. ત્યારબાદ આ ખાદ્ય તેલના ભાવમાં સતત આગેકૂચ જારી રહેતાં આજે સિંગતેલના ૧૫ કિલોના ડબ્બાના ભાવ ૨૨૦૦ની સપાટી આંબી ગયા છે. રાજ્યના સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ચાલુ વર્ષે મગફળીનું ઉત્પાદન એકંદરે ઓછું થયેલ છે. જોકે ઉનાળુ તથા ચોમાસુ વાવેતર સારું થયું છે. બીજું, ઊંચા ભાવના કારણે લોકોની માગ ઓછી થઈ છે. છતાં આવી પરિસ્થિતિમાં કથિત સંગ્રહખોરો, કાળાબજારિયાઓ અને મિલરોની કૂટનીતિને કારણે દિનપ્રતિદિન ભાવ બેકાબૂ બની રહ્યા છે. પરિણામે ગરીબ અને મધ્યમ વર્ગના માનવીને સિંગ તેલ ખરીદવું દોહ્યલું થઈ પડ્યું છે.


આ સાથે સાઈડ તેલો કપાસિયા, સોયાબિન, પામોલીન, સરસિયું વગેરે તેલના ભાવો પણ વધ્યા છે. પરંતુ સીંગતેલની સરખામણીએ આ તેલના ભાવ એકંદરે નીચા હોઈ લોકો હવે સાઈડ તેલ તરફ વળ્યા છે. સીંગતેલના ખૂબ ઊંચા ભાવને કારણે સામાન્ય ગરીબ અને મધ્યમ વર્ગના માનવીને વર્તમાન કારમી મોંઘવારીમાં જીવન જીવવું મુશ્કેલ બન્યું છે.

સીંગ તેલના ભાવમાં અસાધારણ વધારો થયો છે. ત્યારે આ તેલમાં અન્ય તેલની મિલાવટ યા મિક્સીંગનું પ્રમાણ ખૂબ વધી ગયાનું ચર્ચાય છે. લોકોને ઊંચા ભાવમાં પણ શુદ્ધ ખાદ્યતેલ મળી શકતું નથી. સંગ્રહખોરો, કાળાબજારિયાઓ ઉપર નજર રાખનાર સરકારી તંત્રને વધતા જતા સીંગતેલના ભાવને કાબૂમાં રાખવાની કંઈ જ પડી નથી તેવી સ્થિતિ સર્જાઈ છે. હાલ મોંઘવારીના કાળચક્રમાં આમ આદમીને માટે જીવન જીવવું મુશ્કેલ થઈ પડ્યું છે.

# સાબરકાંઠાના જવાનનું છત્તીસગઢના અનંતપુરમાં ગોળીબારમાં મોત

## છત્તીસગઢના દંતેવાડા છાવણીમાં એક જવાને અંધાધૂંધ ગોળીબાર કરી ૪ જવાનોને ઢાળી દીધા

## માદરે વતનમાં પૂરા સન્માન સાથે જવાન ચંદનસિંહ રહેવરની અંત્યેષ્ઠિ કરવામાં આવી


(તસવીર : મગનજી વણઝારા)



હિંમતનગર ૨૭

છત્તીસગઢના દંતેવાડામાં સીઆરપીએફ છાવણીમાં સાથી જવાન દ્વારા કરાયેલ અંધાધુધ ગોળીબારમાં ૪ જવાનો માર્યા ગયા હતા. જે પૈકી એક સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ધોરવાડા ગામના જવાનનુ કરુણ મોત નિપજયુ હતુ. સોમવારે રાત્રે બનેલ આ ઘટના બાદ જવાનના મૃત દેહને ગુરવારે વહેલી સવારે માદરે વતન ધોરવાડા ખાતે લાવવામાં આવ્યા બાદ પૂરા માન-સન્માન સાથે અગ્નિદાહ દેવામાં આવ્યો હતો.

આ અંગે પ્રાપ્ત થયેલ વિગત અનુસાર છતીસગઢના દંતેવાડા જિલ્લાના અનંતપુરા ખાતે સીઆરપીએફની છાવણીમાં સોમવારે રાત્રે સાથી જવાને અગમ્ય કારણો સર અંધાધુધ ફાયરી કરતાં ૩ જવાનોનુ ઘટાના સ્થળે કરુણ મોત નિપજયુ હતું જયારે અન્ય એકનુ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજયુ હતુ આ કમનસીબ ઘટનાના ૪ મૃતક જવાનો પૈકી એક જવાન હિંમતનગર તાલુકાના ધોરવાડાના ચંદનસિંહ સજજનસિંહ રહેવર ઉ.વ. ૪૨નુ પણ કરુણ મોત નિપજયુ હતુ. સને ૧૯૯૧માં આર્મીમાં સર્વિસ ચાલુ કરનાર ચંદનસિંહ રહેવર ૧૧૧ સીઆરપીએફ બટાલિયનમાં હેડ કોન્સટેબલ તરીકે ફરજ બજાવતા હતા. સ્વ. જવાન તેમની પાછળ ૨ દિકરા અને પત્નીને કલ્પાન્ત કરતા મુકી ગયા છે. ધોરવાડા ગામના જવાનનુ આકાસ્મિક મોત થતાં પંથકમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે. તેમની અંતિમ યાત્રામાં પૂર્વ મંત્રી રણજીતસિંહ ચાવડા, જિલ્લા કોગ્રેસ સમિતિના મહામંત્રી બળવંતસિંહ દેવડા સહિત ગ્રામજનો જોડાયા હતા અને સ્વને શ્રધ્ધાજંલિ અર્પી હતી.


(તસવીર : હરેશ જોષી)



પાલનપુરના સિટી લાઈટ વિસ્તાર પાછળના ભાગે છેલ્લા ઘણા સમયથી ગંદગીના ઢગ થતા અને પીવાનું પાણી ગંદું આવતાં સ્થાનિક પ્રજામાં ભારે આક્રોશ ફેલાયો છે અને સત્વરે નગરપાલિકાના સેનિટેશન વિભાગ આ મામલે કાર્યવાહી કરે તેવી માગણી કરી રહ્યા છે.

## દોલપુર ગામની સગીરાને ગામનો યુવાન ભગાડી ગયો

હિંમતનગર, તા.૨૭

ધનસુરા તાલુકાના દોલપુર ગામે એક ઈસમ દ્વારા સગીરાને લલચાવી, ફોસલાવી અપહરણ થયાની ફરિયાદ ધનસુરા પોલીસ મથકે નોંધાવા પામી હતી.

ગત રોજ તારીખ ૨૩ ડિસેમ્બરના રોજ સવારે ૭ વાગ્યાના સુમારે દોલતપુર ગામની જ એક ૧૭ વર્ષની સગીરાને તેના જ ગામનો એક ઈસમ રોહિતભાઈ ડાહ્યાભાઈ સોલંકીએ લલચાવી ફોસલાવી લગ્ન કરવાના તથા બદકામના ઈરાદેથી ભગાડી અપહરણ કરી લઈ ગયેલાની ધનસુરા પોલીસ સ્ટેશને સગીરાના પિતા દ્વારા ફરિયાદ નોંધાવા પામી છે. આ અંગે બાયડ સી.પી.આઈ. પી.કે. પટેલે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હરસોલ મુકામે ઉર્સ મુબારક યોજાશે


મોટા ચેખલા, તા. ૨૭

તલોદ તાલુકાના હરસોલ મુકામે આગામી ૨૯મી ડિસેમ્બરના રોજ રાત્રે ૧૦ કલાકે સુન્ની ગોષિયા યંગ કમિટિ દ્વારા ભવ્ય ઉર્સ મુબારકનું આયોજન કરવામાં આવ્યું છે.

હરસોલ ગામની સુન્ની ગોષિયા યંગ કમિટિના આયોજકોએ ચાલુ વર્ષે રસોલ મુકામે બા કરામતવલી હજરત તાજશાહ બાવા સરકાર રહમ તુલ્લાબિક માહે સફરકો બડી શાનો શોકત સાથે મનાવવાનું નક્કી કર્યું છે. જેમાં ૨૯મીની રાત્રે ૧૦ કલાકે ઉર્સ નિમિત્તે કવ્વાલી મહેફિલમાં બાદશાહ ચાંદકારી અને ઝીયા મોહિની કવ્વાલીની રમઝટ બોલાવશે.

# ડીસાના નવિન બસ સ્ટેન્ડમાં સફાઈના અભાવે ગંદકીના ઢગલા

ડીસા, તા. ૨૭


(તસવીર : કાંતિલાલ લોધા)

ડીસાના નવિન બસસ્ટેન્ડમાં એસ.ટી. નિગમની લાપરવાહીના લીધે ઠેરઠેર ગંદકીના ઢગલા જામ્યા છે. જેમા આ બસ સ્ટેન્ડની એસ.ટી. નિગમ દ્વારા કોઈજ દરકાર ન લેવાતા મલેશીયન ટાઈપના આ આધુનીક નવિન બસ સ્ટેન્ડની સ્થિતી નર્કાગાર બનતા મુશાફરો અને વહેપારીઓ સુવીધાના નામે ભારે દુવિધા અનુભવી રહ્યા છે.

જેની મળતી વિગતો જોતા ડીસામાં થોડાક વર્ષો પહેલા બટાટા સંસોધન કેન્દ્રની બાજુમા આવેલ કેટલીક જમીન સરકારે એસ.ટી. નિગમને ભાડા પટ્ટે આપી હતી. જેમાં એસ.ટી. નિગમે જુના બસસ્ટેન્ડને તાળા લગાવી મુસાફરોને બસસ્ટેન્ડને આધુનિક સુવિધાઓ આપવા જલારામ મંદીર પાસે નવિન બસસ્ટેન્ડ બનાવેલ આ બસસ્ટેન્ડમાં વહેપાર ધંધા માટે અંદાજીત ૯૯ જેટલી દુકાનો બનાવાઈ હતી. અને મોટા ભાગની દુકાનો ભાડાપટ્ટે વેચાણ કરાઈ હતી. આ નવિન બસસ્ટેન્ડ મલેશીયન ટાઈપનું અને બીલ્ડીંગ બાયલોઝના નીયમ પ્રમાણે પુરતા પાર્કીંગ શૌચાલય તેમજ યોગ્ય શોષ કુવાઓ અને ગંદા પાણીના નિકાલ માટે યોગ્ય ગટરો સાથેનું અતિ આધુનિક સુવિધાઓ વાળુ હોવાનું એસ.ટી. નિગમે જાહેર કર્યું હતું.

જોકે આ તમામ દાવાઓ પોકળ પુરવાર થયા હતાં, અને હાલની તાજા સ્થીતીએ અહિં નિત્ય શૌચાલયો ઉભરાઈ રહ્યા છે. જેનાથી રાહદારીઓને મળમુત્રના ગંદા પાણીમાંથી પસાર થવુ પડે છે. વળી સફાઈના નામે કોઈજ કાર્યવાહીન થતા અહીં ઠેર-ઠેર કચરાના ઢગલા જોવા મળે છે. જેનાંથી ઝેરી જીવજંતુઓ તથા મંચ્છરોના ઉપદ્રવોથી મુસાફરો પીડાઈ રહ્યા છે. સફાઈના અભાવે આ બસ સ્ટેન્ડમાં ઘન કચરાના ખડકલા જોવા મળે છે. લોકોના મનોરંજન માટે લાખોના ખર્ચે બનાવેલ ફુવારો વર્ષોથી બંધ હાલતમાં ધુળ ખાઈ રહ્યો છે. ભયજનક રીતે આ તમામ દુકાનો અને બસ સ્ટેન્ડનું કાર્યાલયમાં જે વિજપુરવઠો પુરો પડાય છે. તેના મિટરો અને ફયુઝો મોતના સામાન જેમ ભયજનક રીતે ખુલ્લા પડેલ છે. જેનાંથી ગમેતે ક્ષણે કોઈપણ અકસ્માતે વિજકરંટથી અથવા શોટસર્કીટે કોઈ જીવલેણ અકસ્માત થઈ શકે છે. આ તમામ બાબતો અતિ ગંભીર પ્રકારની નિષ્કાળજી અને એસ.ટી. નિગમની બેપરવાહીનો બોલતો પુરાવો છે. જેથી આ મામલે જાહેર હીતાર્થે એસ.ટી. નિગમ તાત્કાલીક કાર્યવાહી હાથ ધરે તેવી મુસાફરોની માંગ છે.

# સાબરકાંઠા એલસીબી પોલીસે ૧ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપ્યો

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠાના ઈડરમાં સ્થિત ઉમિયાનગર ગરનાળા પાસે ઈડર વલાસણા માર્ગ પરથી જિલ્લા એલસીબી પોલીસે ૧ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો અને ઈડર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ઈડર તાલુકાના ઉમિયાનગરના ગરનાળા પાસે, ઈડર-વસાલણા માર્ગ પર ગતરોજ સવારે ૧૦ કલાકે જિલ્લા પોલીસ વડાની સૂચનાથી એલસીબીના ડી પી ચુડાસમા, રણછોડભાઈ, નરેન્દ્ર થાપા સહિતના સ્ટાફના માણસોએ બાતમી સ્થળે વૉચ ગોઠવી હતી. દરમ્યાન બાતમીના વર્ણનવાળી સેન્ટ્રો કારને ઝડપી તેમાં તપાસ કરતાં વિદેશી દારૂની કુલ ૩૨ પેટીઓ કિ. રૂા. ૧,૧૭,૩૦૦ તથા મોબાઈલ, રોકડ રકમ, ગાડી સહિત કુલ ૩,૨૪,૦૪૦ની મત્તા સાથે જાકીર ઉર્ફે એહમદખાન બાલી, મહેબૂબ ખાન ઈમરતખાન પઠાણ (બંને રહે. મહેસાણા)ને ઝડપી પાડ્યા હતા અને આ મામલે ઈડર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાંથાવાડામાં મોબાઈનની દુકાનો પર એસ. ઓ. જી. પોલીસનો દરોડો : બે વિરૂધ્ધ ફરીયાદ

ડીસા, તા. ૨૭

બનાસકાંઠા જીલ્લામાં ઠેરઠેર અન અધિકૃત રીતે મોબાઈલ ડાઉનલોડીંગ તેમજ સીમકાર્ડ વેચાણ તથા જુનાનવા મોબાઈલ વેચાણ કરી જીલ્લા કલેક્ટરના પ્રર્વતમાન જાહેરનામાનું ઉલ્લઘન કરતાં અનેક વહેપારીઓની નફો મેળવવાની લાલચે અનેકો સાઈબર ક્રાઈમ રૂપ ગુનાઓ બની રહ્યા છે. એસ.ઓ.જી. પોલીસની ટીમે દરોડો પાડી બે મોબાઈલ વેચાણ કરતા દુકાનદારો વિરૂધ્ધ કાર્યવાહી કરતા ચકચાર મચેલ છે.

જીલ્લા એસ.ઓ.જી. પોલીસ પાલનપુરને ખાનગી રાહે બાતમી મળેલ કે પાંથાવાડા ખાતે કેટલાક મોબાઈલ વેચાણ કરતા વહેપારીઓ દ્વારા અનઅધિકૃત રીતે મોબાઈલ તેમજ સીમકાર્ડ વેચાણ કરાઈ રહેલ છે. અને આ માટેના જરૂરી આધાર પુરાવાઓ વિના આ પ્રવૃતી ચલાવાઈ રહી છે. જે બાતમી આધારે એસ.ઓ.જી. પોલીસના હેડકોન્સટેબલ હસમુખભાઈ તેમજ જનકસીંહ અને પોલીસ ટીમે પંચો રૂબરૂ પાંથાવાડા ખાતે આવેલ ધવલ મોબાઈલની દુકાનમાં તપાસ હાથ ધરી હતી. જેમાં દુકાનદાર રોહીતકુમાર ભીખાભાઈ ઠર રહે. તાલેગઢ વાળાઓ મોબાઈલ લે-વેચ તેમજ સીમકાર્ડ વેચાણ કામમાં જીલ્લા કલેક્ટર બનાસકાંઠાના પ્રવર્તમાન જાહેરનામાનો ભંગ કરતાં હોવાનું માલુમ પડતાં તેમના વિરૂધ્ધ સરકાર તરફે એસ.ઓ.જી. પોલીસના હેડકોન્સટેબલ જનકસીંહે પાંથાવાડા પોલીસ મથકે સેકન્ડ ગુના રજીસ્ટરે ગુનો નોંધાવ્યો હતો. જ્યારે અન્ય દરોડામાં દાંતીવાડા ખાતે મોબાઈલની દુકાન ધરાવતા રમેશભાઈ પ્રેમજીભાઈ પટેલ રહે. લોડપા. તાલુકા. દાંતીવાડાવાળાઓ પણ મોબાઈલ અને સીમકાર્ડ વેચાણમાં જીલ્લા કલેક્ટર બનાસકાંઠાના જાહેર નામાનો ભંગ કરતાં હોવાનું બહાર આવતા તેમની વિરૂધ્ધ એસ.ઓ.જી. પોલીસ પાલનપુરના હેડકોન્સટેબલ હસમુખભાઈએ સરકાર તરફે પાંથાવાડા પોલીસ મથકે ગુનો દાખલ કરાવ્યો હતો.

# પ્રાંતિજ શાળા નંબર-૩માં તિથી ભોજન આપવામાં આવ્યું

પ્રાંતિજ, તા. ૨૭

પ્રાંતિજ ખાતે આવેલા રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ શાળા નં.૩માં તિથી ભોજન નિમિત્તે ભોજન દાતા તરફથી શાળાના બાળકોને તિથિ ભોજન પિરસવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના તમામ બાળકોએ ભોજનનો સ્વાદ લીધો હતો.

રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ ગુજરાતી શાળા નં.૩માં ભોજન દાતા તરફથી શાળાના બાળકોને દાળ, ભાત, શાક, લાડુનું પાકુ ભોજન આપવામાં આવ્યુંહતું. બાળકોએ પણ તિથિ ભોજન લઈને આનંદ અને હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય શંકરભાઈ રાવલ તથા શાળા સ્ટાફ દ્વારા તિથિ ભોજન આપનાર દાદાનું સન્માન કરવામાં આવ્યુંહતુ. આજ દાતા તરફથી શાળામાં છેલ્લા ૧૦ વર્ષથી બાળકોને તિથિ ભોજન આપવામાં આવે છે.

# ડીસાના ધરપડા ગામે કામ કરતો ખેડુત અઢી માસથી ગુમ : પરીવાર જનોએ નોંધાવી ફરીયાદ

ડીસા, તા. ૨૭

ડીસા તાલુકાના ધરપડાગામે ભાગીયા ખેડુત તરીકે કામ કરતો એક ખેત મજુર રહસ્ય મય રીતે છેલ્લા અઢીમાસથી ગુમ થયેલ છે. આ ખેત મજુરની તેના પરીવાર જનોએ ભારે શોધખોળ હાથ ધરેલ હોવા છતા તે ન મળી આવતા તેના પરીવાર જનોએ આ મામલે ડીસા તાલુકા પોલીસ મથકે જાણવા જોગ ફરીયાદ નોંધાવી છે.

જેની પ્રાપ્ત વિગતો જોતા તલાજી રામસીંગજી ઠાકોર ઉ.વર્ષ. ૩૨ રહે.દેવ તા. રાધનપુર જીલ્લો પાટણવાળાઓ છેલ્લા ઘણા સમયથી રોજીરોટી અર્થે ડીસા આવ્યા હતાં. જેઓ ડીસા તાલુકાના ધરપડાગામે રહેતા ગંભીરજી કંચનજી ઠાકોરના ખેતરે ભાગીયા ખેત મજુર તરીકે કામ કરતા હતાં.

જેઓ ગત તારીખ ૫-૧૦-૨૦૧૨થી કોઈને કહ્યા વિના રહસ્યમય રીતે ક્યાક ચાલ્યા ગયા હતા. જે બાબતની તેમના પરીવાર જનોને જાણ તથા તેઓએ ભારે શોધખોળ હાથ ધરી હતી. જોકે તેમ છતા તેઓન મળી આવતા તેમના પરીવાર જનોએ આ મામલે ડીસા તાલુકા પોલીસ મથકે જાણવા જોગ ફરીયાદ કરી હતી. છેલ્લા અઢી માસથી રહસ્યમય રીતે ગુમ થયેલ ખેત મજુર ત્રણ સંતાનોના પિતા છે. જેઓ ગુમ થતા ગરીબ સ્થિતી ધરાવતા તેમના પરીવાર જનોની હાલત દયનીય બનેલ છે,. આ મામલે વધુ તપાસ ડીસા તાલુકા પોલીસ ચલાવી રહી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮